# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તા : ૧૯/૫/૨૦૨૧

તંત્રીશ્રી, ________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# બિઝનેસમેન તરીકે કર્મચારીઓને સુખી/સફળ કરીશું ત્યારે જ આપણે સફળ થઇ શકીશું : સવજી ધોળકિયા

**ચેમ્બર દ્વારા યોજાયેલા વેબિનારમાં શહેરના જાણીતા ઉદ્યોગપતિ સવજી ધોળકિયાએ પોતાના સફળ જીવનની સફર વર્ણવી ઉદ્યોગ સાહસિકોને માર્ગદર્શન આપી પ્રોત્સાહિત કર્યા**

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શહેરના જાણીતા અને માનીતા તેમજ સમાજને સમર્પિત ઉદ્યોગપતિ એવા હરી કૃષ્ણ એકસપોર્ટ્સના પ્રા.લિ.ના ફાઉન્ડર એન્ડ ચેરમેન સવજી ધોળકિયા સાથે તેમના જીવનની સફળ સફર વિશે વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તેમણે કોઇપણ બિઝનેસમેને સફળ થવું હોય તો એના માટે તેમની કંપનીમાં કામ કરતા કર્મચારીઓની સેલેરી સારી હોવી જોઇએ, પ્રોડકટની કવોલિટી સારામાં સારી હોવી જોઇએ અને પ્રોડકશન કોસ્ટ ઓછામાં ઓછી થવી જોઇએ આ બાબતોને ધ્યાનમાં રાખીને બિઝનેસમાં કે જીવનમાં આગળ વધું જોઇએ તેવી સલાહ ઉદ્યોગકારોને આપી હતી.

સવજી ધોળકિયાએ જણાવ્યું હતું કે, તેમની જીવનની સફર ખૂબ જ અદ્દભુત અને સારી રહી છે. જીવનને તેઓ શરૂઆતથી જ માણતા આવ્યા છે. રત્નકલાકાર તરીકે કામ કરતા હતા ત્યારે પણ આનંદીત થઇને જ જીવન જીવતા હતા. સવારે નકકી કરી લેતા હતા કે આજે સવારે હીરાના ચોકકસ નંગ બનાવવાના છે અને તે સમયે શેઠ પણ તેમનો ટાર્ગેટ પૂર્ણ કરવા માટે ઘંટી ચાલુ રાખતા હતા. ભગવાનની કૃપા અને વડિલોના આશીર્વાદને કારણે ભણ્યા વગર પણ તેમણે જીવનનું લક્ષ્ય નિર્ધારિત કરી લીધું હતું.

માતાની અપેક્ષા અને પિતાની આશાને કારણે સૌરાષ્ટ્રમાંથી ૧૨ વર્ષની ઉંમરે પોતાની અંદર જુસ્સો ભરીને સુરત આવ્યા હતા. કામ કરવાની શરૂઆત કરી અને જીવનમાં કયારેય પાછું વળીને જોયું નથી. જીવનમાં જ્યારે પણ અઘરો સમય આવતો ત્યારે સફળ લોકોના જીવન વિશે વિચારતા હતા અને મોટીવેટરોને સાંભળતા હતા ત્યારે માત્ર એક જ સાર નીકળીને આવતો હતો કે જીવનમાં જે અઘરું હોય એને જ સફળતા કહેવાય. સફળતા કોઇ દિવસ સરળ હોતી નથી. જીવનમાં સમસ્યા તો રહેવાની જ છે. પ્રોબ્લેમ છે તો જ પ્રોગ્રેસ છે વિગેરે વાકયોને મગજમાં રાખીને જીવનમાં આગળ વધતા ગયા પણ જીવનમાં કયારેય હતાશ થઇને બેસી રહયા ન હતા.

જીવનમાં તમે પહેલેથી જ સફળ થઇ જાવ છો એવું પણ નથી હોતું. સમય, સંજોગો, નસીબ અને કુદરત બધી રીતે પરીક્ષાઓ કરે છે અને પછી જ સફળ થવાય છે. સફળતા પાછળ તમારો હેતુ જવાબદાર ઠરે છે. તમારો પરિવાર, કંપનીમાં કામ કરતા કર્મચારીઓ કઇ રીતે સુખી થાય?, બધાને સાથે રાખીને પ્રગતિ કેવી રીતે સાધી શકાય?, બીજાને મદદ કેવી રીતે કરી શકાય? એવું વિચારનાર સ્વભાવને કારણે જ પરિણામ સારું મળી શકે છે. જીવનની શરૂઆત કરી ત્યારથી જ બીજાને ય આપવાનો શોખ હતો. બીજાની ખુશીમાં પોતાની ખુશી જોતા હતા. જીવનમાં પહેલાથી જ આવો એપ્રોચ રાખ્યો હતો. બીજાનો આર્થિક રીતે વિચાર કરીએ છીએ ત્યારે આપણને બાય પ્રોડકટ પૈસા મળવાના જ છે. આપણે માત્ર પોતાનું વિચારવાની જરૂર નથી. બીજાનું ભલું થશે તો તેની પાછળ આપણું પણ ભલુ થવાનું જ છે. આવા હેતુને કારણે જીવનમાં ધાર્યુ પરિણામ મળી શકયું છે અને જીવનની સફર જ સતત પ્રોત્સાહિત કરતી રહી છે.

તેમણે કહયું કે, ફેકટરીમાં કર્મચારીઓ માટે જમવાનું શરૂ કર્યુ ત્યારે શરૂઆતમાં બજેટ ખૂબ જ મોટું દેખાતું હતું. ઘણા વિચાર પણ આવતા હતા કે જમવાનું ચાલુ કર્યા બાદ બંધ થાય તો નામોશી થશે વિગેરે વિગેરે. પણ મનમાં ભાવ સારો હતો કે કારીગરો માટે જમવાનું ચાલુ કરવાનું છે. કદાચ કુદરત આપણા થકી તેઓને જમવાનું પૂરુ પાડવા માગતી હોય તો.... આવું વિચારીને નિર્ણય લઇને કારીગરો માટે જમવાનું શરૂ કર્યું હતું, જે આજે પણ ચાલે છે. તે સમયે જો નિર્ણય જ લીધો ન હોત તો આજે પણ પ્લાનિંગ જ કરતા રહયા હોત.

કંપનીમાં કારીગરો માટે જમવાનું ચાલુ કર્યુ એટલે કર્મચારીઓનો અને કંપનીનો સમય બચી ગયો. કર્મચારી જમવા માટે ઘરે જાય એટલે એનો ખર્ચો બચી ગયો. આ ઉપરાંત કંપનીનું દસ ટકા પ્રોડકશન વધી ગયું એટલે કંપનીની પ્રોડકશન કોસ્ટ ઘટી ગઇ. બપોર દરમ્યાન હીરા ચોરાઇ જવાની ઘટના બંધ થઇ ગઇ. કારણ કે એવા કારીગર નોકરી છોડીને જતા રહયા એટલે કંપનીને સીધો ફાયદો થયો અને કંપની અન્ય મોટી કંપનીઓ સાથે સ્પર્ધામાં ઉતરી શકી. સૌથી મોટો ફાયદો એ થયો કે કર્મચારીઓમાં સારા વિચારોનું વાવેતર થયું અને કંપની પ્રત્યે તેઓના મનમાં સારી ભાવના કેળવાઇ. ટૂંકમાં કહીએ તો એક રૂપિયાના ખર્ચમાં ચાર રૂપિયાનો ફાયદો થયો.

કારીગરોને કામ કરવા માટે સારુ વાતાવરણ મળી રહે તે દિશામાં વિચાર કરીને સીમાડામાં જમીન લઇને ત્યાં ડાયમંડ ફેકટરી નાંખી. અહી કર્મચારીઓ માટે ગાર્ડન, ક્રિકેટ સ્ટેડિયમ અને સ્વીમિંગ પુલ બનાવ્યું. પોતાને ગાડીનો શોખ હોવાથી કર્મચારીઓ માટે પણ ગાડી લેવાનો વિચાર કર્યો હતો, ત્યારે રૂપિયા પર કરોડનું બજેટ હતું. આ નિર્ણય અમારા જીવન માટે ઘણો મોટો અને ચેલેન્જેબલ હતો. તે સમયે ૧૨૦૦ કર્મચારીઓ ગાડી માટે કવોલીફાય થયા હતા અને એમાંથી શરૂઆતમાં ૫૦૦ કર્મચારીઓને ગાડી આપી હતી. આ પરિવારોને જ્યારે ગાડી આપવામાં આવી ત્યારે તેઓની આંખોમાં જે ખુશીની લાગણી હતી તેનું વર્ણન કરવું ઘણુ અઘરું છે. ગાડી સિવાયના કર્મચારીઓમાં કોઇને ફિકસ ડિપોઝીટ માટે તો કોઇને પોતાના ઘર માટે રૂપિયા આપ્યા હતા. એક

કર્મચારીઓમાં કોઇને ફિકસ ડિપોઝીટ માટે તો કોઇને પોતાના ઘર માટે રૂપિયા આપ્યા હતા. એક ગાડીની પાછળ આઠ જણાને ખુશી મળી હતી. સફળતા માટેના આ જ રહસ્ય છે. આવું ગણિત કોઇ યુનિવર્સિટીમાં ભણાવવામાં આવતું નથી. સફળ થવા માટે કે જીવનમાં સુખી થવા માટેનો પાયો જ આ છે. આ બધું વિદ્યાર્થીઓને અભ્યાસક્રમમાં ભણાવવામાં આવે તેવી લાગણી તેમણે વ્યકત કરી હતી.

વધુમાં તેમણે કહયું કે, ગાડી પછી સરોવરનો શોક હતો. વ્યકિતગત હું કઇ કરી શકયો ન હતો. આથી દુધાળા પાસે સરોવર બનાવી દીધું છે. અંદરથી એવો ભાવ હતો કે લોકોના મનમાં ૫૦૦ વર્ષ જીવતા રહેવાનું છે. આપણે તો ૧૦૦ વર્ષમાં જતા રહીશું પણ આપણું કામ લોકોમાં ૫૦૦ વર્ષ જીવતું રહેવું જોઇએ. સરોવર કર્યો અને વૃક્ષો પણ વાવ્યા. આ બધું કરવાની પાછળ હેતુ માત્ર બીજાનું ભલુ કેવી રીતે થાય તેટલો જ હતો. આ બધી બાબતોને બિઝનેસની દૃષ્ટિએ તથા ધર્મ અને કર્મની દૃષ્ટિએ પણ લઇ શકાય છે.

અંતમાં તેમણે કહયું કે, સારુ કામ કરવામાં પણ જો નિષ્ફળતા સાંપડે તો પણ જીવનમાં આનંદ થાય છે. બીજાનું સારુ કરતી વખતે જો તમને નુકસાન થાય તો પણ ખુશી અનુભવવી જોઇએ. કુદરત આપણી કયારેક પરીક્ષા પણ લેતી હોય છે. પછીના સમયમાં કુદરત તમને ચોકકસપણે ડબલ કરી આપે છે. આપણે બીજાનું જ્યારે ભલું વિચારતા હોય તો આપણું ખરાબ કઇ રીતે થઇ શકે? ખુશ રહેવું એ જ સફળતાની ચાવી છે. તંદુરસ્ત રહેવા માટે પણ ખુશ રહેવું જોઇએ. કોરોનાને ભગાવવા માટે પણ ખુશ રહેવું એ જરૂરિયાત છે. જીવન કયારેય સરળ રહેતું નથી તેમાં અપડાઉન આવવાના જ છે. જીવનના ઉતાર–ચડાવને સ્વીકારીને આગળ વધવું જોઇએ.

ચેમ્બરના પ્રમુખ દિનેશ નાવડિયાએ વેબિનારમાં સ્વાગત પ્રવચન કર્યું હતું. માનદ્ મંત્રી નિખિલ મદ્રાસીએ વેબિનારનું સંચાલન કર્યું હતું. અંતે ચેમ્બરના પ્રેસિડેન્ટ ઇલેકટ આશિષ ગુજરાતીએ સર્વેનો આભાર માની વેબિનારનું સમાપન કર્યું હતું.